જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૦/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૧૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૩ લીટર દેશી દારૂ, ૫૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૧૫/૨૦૨૬૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૧૬/૨૦૨૬**

રામોલઃ કનુભાઇ મફતલાલ પટેલ (રહે, પ્રાર્થના એકઝોટીકા, દેવસ્ય સ્કુલની બાજુમાં ન્યુ વસ્ત્રાલ) એ તા.૦૭/૧૦/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૯/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે મહાદેવ એસ્ટેટ એસ.કે.એન્જીનીયરીંગ વર્કસ નામના પોતાના કારખાના ખાતે મોબાઇલમાં ફેસબુક ઉપર રીલ્સ જોતા હતા ત્યારે એક રીલમાં "જુની સિક્કા કંપની અમદાવાદ ગુજરાત ચેતન પટેલ મજુર પાટીદાર અમદાવાદ" જુના સિક્કા ખરીદનાર જાહેરાતની રીલ જોઇ જેમાં જુની પાંચ રૂપિયાની ટ્રેક્ટરવાળી ચલણી નોટના બદલામાં રૂપિયા ૭૫ લાખ વળતર આપવાની જાહેરાત હતી તેમજ સંપર્ક માટે મોબાઈલ નંબર ૮૯૫૫૬૨૩૩૧૪ આપેલ હતો. કનુભાઇ પટેલ નાઓ પાસે રૂપિયા પાંચની ચલણી જુની નોટ હોય જાહેરાતમાં આપેલ સંપર્ક માટે આપેલ મોબાઈલ નંબર ૮૯૫૫૬૨૩૩૧૪ ઉપર સંપર્ક કરતા મોબાઈલ નંબર ૮૯૫૫૬૨૩૩૧૪ ના ધારકે પોતાની ઓળખ ચેતન પટેલ તરીકે આપી, વોટ્સઅપ ઉપર પાંચ રૂપિયાની નોટોના ફોટા તેમજ કનુભાઇનો ફોટો અને ઘરના સરનામાની વિગતો મંગાવી ફરીથી ફોન કરી કહેલ કે રજીસ્ટ્રેશન માટે તમારે રૂપિયા ૭૨૦/– ભરવા પડશે. જે મુજબ કનુભાઇએ ઓનલાઇન રૂપિયા ટ્રાન્સફર કરતા ચેતન પટેલએ "બે કલાક રાહ જોવો તમે મોકલેલ સરનામે અમારો માણસ આવી જશે અને પાંચ રૂપિયાની નોટના બદલામાં તમને ૭૫ લાખ મળી જશે" તેમ કહ્યા બાદ બીજા દિવસે તા.૧૯/૦૯/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કનુભાઇએ ફોન કરતા ચેતન પટેલએ જણાવેલ કે ટ્રાન્સપોર્ટ ગાડીના બીલ પેટે રૂપિયા ૭૫૦૦/– ભરવા પડશે" જે પ્રમાણે કનુભાઇએ ઓનલાઇન રૂપિયા ૭૫૦૦/– ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ રૂપિયા સાથેની ગાડી ઘરે મોકલવાના અલગ–અલગ બહાના કરી કનુભાઇ પાસેથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૧,૦૦,૨૧૯/– ટ્રાન્સફર કરાવી લઇ, કોઇ રૂપિયા નહી મોકલી કનુભાઇ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.આર.ચૌધરી ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ રવિકુમાર સ/ઓ ચંદ્રકાંતભાઈ ચૌહાણ (ઉ.વ.૪૩)(રહે, રાજવી ઓપલ, આઈઓસી પેટ્રોલ પંપની બાજુમાં, વાળીનાથ ચોક, નારણપુરા) એ તા.૦૭/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૬/૨૦૨૬ સવારના ૧૧/૧૫ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિએ રવિકુમારની જાણ બહાર તેમના American express platinum charge ક્રેડીટ કાર્ડ અને American express gold charge ક્રેડીટ કાર્ડ સાથે રજીસ્ટર થયેલ રવિકુમારનુ ઈમેઈલ આઈડી બદલી, અજાણી વ્યક્તિએ તેઓનુ ઈમેઈલ આઈડી p4@gmail.com રજીસ્ટર કરી, રવિકુમારના બંન્ને ક્રેડીટ કાર્ડના એક્સેસ મેળવી લઈ બંને ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૧૫,૯૬,૦૨૬/- ની ક્રેડીટ વાપરી લઈ રવિકુમાર ચૌહાણ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.બરવાળીયા ચલાવે છે.

માધવપુરાઃ ડૉ.ગોપાલ ઓમપ્રકાશ ભાટીયા (ઉ.વ.૪૭)(રહે. ઈસ્કોન રીવર સાઇટ, શિલાલેખની બાજુમાં, પોલીસ સ્ટેડીયમ સામે, શાહિબાગ) એ તા.૦૭/૧૦/૨૦૨૬ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૨૬ થી તા.૧૩/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિવાન મો.નં-૭૪૦૪૬૬૭૯૮૨ (૨) વિરેન્દર (૩) નિહારીકા શર્મા મો.નં.૮૩૭૫૯૪૨૯૭૫ (૪) પ્રતિક ગુપ્તા મો.નં.૯૩૨૬૫૮૭૫૫૦ અને (૫) વેદિકા સિંઘ મો.નં. ૯૩૨૬૦૬૭૩૦૯ (જેઓના પુરા નામ સરનામાની ખબર નથી) નાઓએ ભેગામળી ડૉ.ગોપાલ ભાટીયાની દિકરીનું હૈદરાબાદમાં "બીટસ પિલાની યુનિવર્સીટી" ખાતે એડમીશન કરાવવાનું કહી ડૉ.ગોપાલને અવાર નવાર ફોન કરી એડમિશન કરાવવા લાલચ આપી, હૈદરાબાદ બીટસ પિલાની યુનિવર્સીટીના અધિકૃત/ઓથોરાઈઝ્ડ વ્યક્તિ હોવાની ખોટી ઓળખ આપી ડૉ.ગોપાલ ભાટીયા પાસેથી કુલ રૂપિયા ૧૫,૫૦,૦૦૦/- મેળવી લઈ બીટસ પિલાની યુનિવર્સીટી હૈદરાબાદમાં એડમીશન નહી કરાવી ડૉ.ગોપાલ ભાટીયા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

ક્રાઇમ બ્રાંચઃ પરષોતમ સ/ઓ ટીલુમલજી પોમલ (સોની)(ઉ.વ.૭૧)(રહે, છાવણી પાર્ક, બંગ્લા તલાવડી સર્કલ, આઇકોનિક રોડ, હાંસોલ, સરદારનગર) એ તા.૦૭/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ઉમેશભાઇ નારાયણદાસ ચેલાણી (૨) નારાયણદાસ ભુગડોમલ ચેલાણી (કોમલ જવેલર્સ, સરદારનગર સર્કલ પાસે, હાંસોલ, સરદારનગર) નાઓએ પરષોત્તમભાઇને ચાંદીના વાસણો બનાવી આપી સારો ફાયદો કરાવીશ તેમ કહી તેમની પાસેથી ૭ કિલો ૫૦૦ ગ્રામ ચાંદી કિંમત રૂપિયા ૧૬,૫૦,૦૦૦/- અને ચાંદી ખરીદીના બુકિંગ પેટે રોકડ રૂપિયા ૫,૬૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૨,૧૨,૦૦૦/- મેળવી લઇ તેમજ જગદીશભાઇ ઢોલાણી પાસેથી ૨૦ ગ્રામ સોનાના બિસ્કિટ કિંમત રૂપિયા ૩,૨૦,૦૦૦/- અને ચાંદીના બુકીંગ પેટે રૂપિયા ૨,૩૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૫૬,૦૦૦/- મળી બંન્ને પાસેથી કુલ રૂપિયા ૨૭,૬૮,૦૦૦/- મતાના સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મેળવી લઇ, સોના-ચાંદીના દાગીના નહી બનાવી આપી તેમજ આપેલ રૂપિયા તથા સોના-ચાંદીના દાગીના પરત નહી આપી બંને સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.રાવળ ચલાવે છે.

એરપોર્ટઃ કીરીટભાઈ રમણલાલ પટેલ (ઉ.વ.૭૨)(રહે.અરવિંદ સોસાયટી, રામજી મંદિર સામે, હાંસોલ) એ તા.૦૭/૧૦/૨૦૨૬ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૧૦/૨૦૨૬ રાતના ૧૦/૧૫ થી તા.૦૫/૧૦/૨૦૨૬ રાતના ૧૦/૫૫ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિએ કીરીટભાઇ પટેલનો મોબાઇલ ફોન હેક કરી તેમના ઈન્ડિયન ઓવરસીસ બેંકના ખાતામાંથી UPI/615367138622/DR/MD OBAID RAZA/UCB/SENT USIN દ્વારા રૂપિયા ૪૯,૯૯૯/- તથા UPI/316171349386/DR/MD ARIB ANSARI/PUN/SENT USIN દ્વારા રૂપિયા ૪૯,૯૯૯/- અને UPI/316244622600/DR/RAHUL KUMARBA/PUN/SENT USIN દ્વારા રૂપિયા ૯૯,૯૯૯/- મળી કુલ રૂપિયા ૧,૯૯,૯૯૭/- મેળવી લઇ કીરીટભાઇ પટેલ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૭/૨૦૨૬**

ચાંદખેડાઃ સંજયભાઇ સાવરમલ થરડ (ઉ.વ.૬૧)(રહે. સેવી સોલારીસ, પી.વી.આર સિનેમા પાસે, મોટેરા) એ તા.૦૭/૧૦/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૬ સવારના ૭/૨૦ વાગ્યાના સુમારે સંજયભાઇ થરડ મોર્નીંગ વોક દરમ્યાન મોટેરા દેવરત્ન સોસાયટી આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સંજયભાઇના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૮/૨૦૨૬**

આનંદનગરઃ જુહાપુરા એકતા મેદાન પાસે બેનઝીર સોસાયટી ખાતે રહેતા સલાહુદ્દીન સરાજુદ્દીન (ઉ.વ.૩૧) (મુળ વતન. ગામ–અસનાર ખાસ, થાના–શિવનગર ડીઢાઇ તા–બાસી જી–સિધ્ધાર્થનગર ઉતરપ્રદેશ) તા.૦૭/૧૦/૨૦૨૬ સવારના ૯/૫૦ વાગ્યાના સુમારે કૃષ્ણધામ ઔડા સામે આવેલ રેલવે ફાટક પોલ નંબર ૨૦/૮ થી ૨૦/૦૯ વચ્ચે રેલવે ટ્રેક ક્રોસ કરતા હતા ત્યારે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિપકકુમાર ગાંડાલાલ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૯/૨૦૨૬**

સાબરમતીઃ ન્યુ રાણીપ ઇન્દ્રપ્રસ્થ મેરીગોલ્ડ નામની કન્સ્ટ્રક્શન સાઇટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા લક્ષ્મણભાઇ શંકરભાઇ કટારા (મુળ વતન. ગામ–બાબખેડા તા–પાલ જી–પ્રતાપગઢ રાજસ્થાન) નાઓનો નવ(૯) વર્ષનો પુત્ર તા.૦૭/૧૦/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ વાગ્યાના સુમારે ઇન્દ્રપ્રસ્થ મેરીગોલ્ડ નામની નવી બનતી સાઇટના બી–બ્લોકની લિફ્ટ માટેની ખુલ્લી જગ્યાએથી બ્લોકના ૧૩ માળ પૈકી કોઇપણ માળથી નીચે બેઝમેન્ટમાં પડી જતાં ગંભીર ઇજાઓ થતા તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એચ.ચૌધરી ચલાવે છે.

નિકોલઃ ન્યુ નિકોલ કઠવાડા સ્વસ્તીક એલેન્જા કોમ્યુનીટી હોલ પાછળ નવી બનતી સાઈટ ખાતે કામ કરતા અને ત્યાં જ રહેતા ગોવિંદ સ/ઓ હાજા કોસ્બા (ઉ.વ.૨૯) (મુળ વતન. બોર્ડ નં.–૨, ગામ–ધમ્બોલા ફળીયું ભેડુફલા પોસ્ટ–ધમ્બોલા તા.જી–ડુંગરપુર રાજસ્થાન) તા.૦૬/૧૦/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે આકસ્મીક રીતે સાઇટના ચોથા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

ઓઢવઃ ઓઢવ સિંગરવા બિલેશ્વર એસ્ટેટ કે.પી.એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં કામ કરતા અને ત્યાં જ રહેતા મોહન સ/ઓ રામાઆશરે ઉર્ફે બરસાતી કશ્યપ (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ– રામઆશ્રે ગુલનીહા ઉન્નાવ પુર્વ ઉતરપ્રદેશ) તા.૦૬/૧૦/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે કે.પી.એન્ટરપ્રાઈઝ ખાતે બર્ફીંગના કારખાનામા કામ કરતા હતા ત્યારે બર્ફીંગના મશીનમા અચાનક તેઓનું શર્ટ આવી જતા હાથના ભાગે તથા અન્ય શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિંગરવા સરકારી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી